ગાંધીનગર સમાચાર
તા. ૨૧-૧-૨૦૧૨, સોમવાર

## તંત્રી સ્થાનેથી.....

### ગાંધીનગરમાં રીક્ષાઓને મીટર છે ખરાં?

રીક્ષા એક સમયમાં સમૃધ્ધ વ્યક્તિઓની અવરજવર માટેનું વાહન હતું. આજે એ આમ આદમીની રોજિંદી જરૂરિયાત બની ચૂકી છે. પાટનગર ગાંધીનગરમાં રાજકર્તાઓ લાલ-પીળી લાઈટવાળી વીવીઆઈપી કારોમાં ફરે છે, સુખિયાં લોક પાસે ઘર દીઠ એક-બે ફોર વ્હીલર અને માથાદીઠ ટુ વ્હીલર સાધનોની જોગવાઈ છે; પરંતુ આમ આદમી કહેતાં નીચવા મધ્યમવર્ગની મહિલાઓ અને ગરીબ લોકો માટે તો રીક્ષા એ જ લકઝરી છે, અથવા કહો કે રીક્ષા પણ એ નાછૂટકે જ કરે છે એટલે રીક્ષા પણ એમને માટે લકઝરી છે. સીએનજી વાળી રીક્ષાઓ રંગેરૂપે રૂપાળી લાગે છે, વળી એ પ્રદૂષણ નથી ફેલાવતી તે પ્લસ પોઈન્ટ છે. પરંતુ સીએનજીના ભાવમાં વધારો ઝીંકાતાં રીક્ષા ચાલકો માટે ચાલુ ભાવે રીક્ષા ફેરવવી પોરાય એમ ન હોવાથી ઑટો રીક્ષાચાલકોએ ૭૨ કલાકની હડતાળ જાહેર કરતાં મહાનગર અને પાટનગરમાં ભારે અવ્યવસ્થા સરજાવા પામી હતી. રીક્ષા એ જનસાધારણ માટેની રોજિંદી જરૂરિયાતનું સાધન બની ગયેલ છે. શહેરી બસ એનો વિકલ્પ બની શકે નહીં, કારણ કે રીક્ષા છેક ઘર આંગણા સુધી પહોંચાડે છે. રીક્ષાની હડતાલથી ધારી અસર થઈ છે અને સરકારને તત્કાળ અસરથી લઘુત્તમ ભાડામાં રૂા. ૧નો વધારો મંજૂર કરવો પડ્યો છે. કિલોમીટર દીઠ રનિંગ ભાડામાં પણ ૫૦ પૈસાનો વધારો કરી નવો ભાવ અમલી બનાવાયો છે. જો કે રીક્ષા ચાલકોને હજી આટલા ભાવવધારાથી પૂરતો સંતોષ નથી થયો. સીએનજીના ભાવમાં વધારો થયો છે તેથી દેખીતી રીતે રોજ કમાઈને રોજ ખાનાર ગરીબ રીક્ષાચાલકની કમર તૂટી ગઈ છે. ગુજરાત સરકાર આ અંગે દોષનો ટોપલો કેન્દ્રના માથે નાખવાનો પ્રયાસ કરે છે, તો કેન્દ્ર સરકાર પાસે એની તરફેણની પોતીકી દલીલો છે. આપણે સરવાળે તો રીક્ષાચાલક અને રીક્ષા વાપરનાર આમ પ્રજા : બેઉને શિરે આ બોજો આવ્યો, એની જ નોંધ લેવી રહી. ગાંધીનગરના રીક્ષાચાલકો અમદાવાદની પેટર્ન પર રીક્ષા નથી ચલાવતા, તે પણ એક હકીકત છે. અમદાવાદમાં કોઈ પણ જગ્યાએથી રીક્ષા ભાડે કરતાંની સાથે રીક્ષાચાલક એનું મીટર ડાઉન કરતો હોય છે. ગાંધીનગરનો રીક્ષાચાલક એની મરજી મુજબ અને મુસાફરની ગરજ મુજબ ભાડું વસૂલે છે. સરકારના કાયદાની સરકારની નજર સામે ઐસી કી તૈસી કરનારા રીક્ષા ચાલકોને પાટનગરની પોલીસ પણ કશું કહી શકતી નથી. જો સરકાર પ્રજાને પૂરતી વાહન સુવિધા ઉપલબ્ધ ન કરાવી શકતી હોય તો એણે સામે ચાલીને કેટલાંક સમાધાન સ્વીકારવાં જોઈએ. ગાંધીનગરનાં મુખ્ય મુખ્ય પોઈન્ટ પરથી 'લોકલ' રીક્ષાઓ બસ ભાડું લઈ પેસેન્જરો ભરી અમુક વિસ્તારોમાં અવરજવર કરે તો એથી મુસાફરોને સગવડ મળી રહેશે અને રીક્ષાચાલકોને લાંબો વખત પેસેન્જરોની રાહ જોવામાં સમય બગાડવો નહીં પડે. અમદાવાદ-ગાંધીનગર વચ્ચે આવી રીક્ષાઓ-જીપો-ટેકસીઓ પોલીસની રહેમ નજર હેઠળ દોડે જ છે. એમને નિયમિત કરવાથી ફક્ત પોલીસનો હપ્તો જ બંધ થશે. પ્રજાને તો એની સગવડ જ.





## રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એવોર્ડ વિજેતા મૈત્રી શાહનું ચિત્ર પ્રદર્શન ૨૯મી સુધી ચાલશે

કમ્પ્યૂટર એન્જિનીયરીંગનો અભ્યાસ કરતી અને કોઈપણ પ્રકારની પ્રોફેશન તાલીમ વગર પોતાની આત્મીક સૂઝથી ચિત્રો તૈયાર કરનાર મૈત્રી શાહે ૭૫ જેટલા એવોર્ડ્સ મેળવ્યા છે. જેનું ચિત્ર પ્રદર્શન સિટી પલ્સ આર્ટ ગેલેરી ગાંધીનગર ખાતે ૨૯ જાન્યુઆરી સુધી યોજાશે. આંતર સૂઝ દ્વારા માનવીય સંવેદનાને વાચા આપતી અને તેને કાગળ ઉપર આબેહૂબ રજૂ કરતી મૈત્રી શાહમાં ચિત્રકળાની અભિવ્યક્તિ લખલૂંટ પડી હોય તેમ લાગે છે. જેની પ્રતિતી આપણને તેના દોરેલા ચિત્રો ઉપરથી અને મળેલા એવોર્ડ ઉપરથી પામી શકાય છે. મૈત્રીએ અત્યાર સુધીમાં રાજ્યકક્ષાના ૬ એવોર્ડ્સ, રાષ્ટ્રીય કક્ષાના ૧૩ એવોર્ડ્સ અને આંતરરાષ્ટ્રીય કક્ષાના ૩ એવોર્ડ્સ મેળવ્યા છે. તેને ઈન્ટરનેશનલ પેઈન્ટીંગ કોમ્પીટીશન જાપાનમાં સિલ્વર મેડલ, ઈન્ટરનેશનલ પેઈન્ટીંગ કોમ્પીટીશન ફોર ગ્લોબલ પીસ એન્ડ એન્વાયરમેન્ટ ટોકિયોમાં ૪થો ક્રમ તથા શેકર્સ ઈન્ટરનેશનલ પેઈન્ટીંગ કોમ્પીટીશનમાં સિલ્વર મેડલ મેળવ્યો છે. તેણે ૧૨ વર્ષની ઉંમરે પહેલો એવોર્ડ મેળવ્યો હતો. મૈત્રીએ મોરેશિયસ, બેંગ્લોર, જયપુર વગેરે જગ્યાએ પોતાના ચિત્ર પ્રદર્શન કર્યા છે. હાલમાં તેમનું ચિત્ર પ્રદર્શન સિટી પલ્સ આર્ટ ગેલેરી ગાંધીનગર ખાતે ખુલ્લું મૂકવામાં આવ્યું છે. જે ૨૯મી જાન્યુઆરી સુધી સાંજે ૪ થી ૮ કલાક દરમિયાન નિહાળી શકાશે. મૈત્રીએ ૧૦ ગોલ્ડ મેડલ, ૧ સિલ્વર ક્રાઉન, ૨ સિલ્વર મેડલ પણ મેળવ્યા છે. ચિત્રકળા જેને કુદરતી ભેટ તરીકે મળી છે તે મૈત્રીના ચિત્રોને નિહાળવા એ પણ એક લ્હાવો છે.

## ગાંધીનગરના દેવયાનીબેન ત્રિવેદીને શ્રેષ્ઠ શિક્ષક ચિત્રકૂટ પારિતોષિક અર્પણ

ગાંધીનગર, તા. ૨૦

રાજયની જિલ્લા પંચાયત અને નગરપાલિકા હસ્તકની પ્રાથમિક શાળાઓમાં શિક્ષણને પોતાનું કર્મ અને ધર્મ સમજી ફરજ બજાવતા શિક્ષકોને ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષક સંઘના મૂલ્યાંકન થકી ચિત્રકૂટ આશ્રમ તલગાજરડા દ્વારા ચિત્રકૂટ પારિતોષિકથી સન્માનવામાં આવે છે. જે અંતર્ગત વર્ષ ૨૦૧૨ માટે અગિયાર સન્માનનીય શિક્ષકોને ચિત્રકૂટ પારિતોષિક એનાયત થયો છે. ગાંધીનગર જિલ્લામાંથી દેવયાનીબેન અનિલકુમાર ત્રિવેદીને આ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે.



ચિત્રકૂટ આશ્રમ તલગાજરડા ખાતે યોજાયેલા ચિત્રકૂટ પારિતોષિક અર્પણ વિધિમાં ગાંધીનગર જિલ્લાના શિહોલી મોટી પ્રાથમિક શાળાના મદદનીશ શિક્ષિકા દેવયાનીબેન અનિલકુમાર ત્રિવેદીને અધ્યાપનક્ષેત્રે એમણે કરેલી પ્રસંશનીય લોકસેવાને ધ્યાને લઈ પ્રમાણપત્ર અને પારિતોષિક આપી સન્માનીત કરવામાં આવ્યા હતા.

'વિદ્યા એ જ ખરું ધન છે' આ ઉકિતને ચરિતાર્થ કરતાં દેવયાનીબેન તેમના શિક્ષણ કાર્યમાં ઉંડો રસ ધરાવે છે તેમણે ગણિતમાં બાળકોને એકમપદ્ધતિ અને ખરીદ વેચાણના દાખલાઓ સમજવામાં કયાં કચાશ અનુભવે છે તે બાબતે ક્રિયાત્મક સંશોધન કર્યું છે. સંગીત, વાંચન, લેખન અને વકતવ્ય જેવા વિષયોનો શોખ ધરાવતા દેવયાનીબેન સતત બાળકોના અભ્યાસમાં રસ ધરાવે છે અને વાર્તાઓ, ગીતો, ટી.એલ.એમ.ની રચનાઓ સાથે બાળ શિક્ષણ આપી છેલ્લા ૨૮ વર્ષથી પ્રાથમિક શાળામાં જ્ઞાનરૂપી યજ્ઞ જલતો રાખી રહ્યા છે જેના પ્રોત્સાહન સ્વરૂપે પૂ. મોરારિ બાપુના હસ્તે તલગાજરડામાં દેવયાનીબેન એ. ત્રિવેદીને શ્રેષ્ઠ શિક્ષક ચિત્રકૂટ પારિતોષિક એનાયત થયો હતો.



## ડભોડા ખાતે સમર્પણ આર્ટસ કોલેજ દ્વારા એન.એસ.એસ.કેમ્પ ખુલ્લો મુકાયો

ગાંધીનગર જિલ્લાના ડભોડા ખાતે હનુમાનજી મંદિર (ડભોડિયા) હોલમાં ગાંધીનગર શહેરની સમર્પણ આર્ટસ કોલેજના એન.એસ.એસ. શિબિર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિરનું ઉદઘાટન મા. શ્રી શંકરસિંહ વાઘેલાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડભોડા ગામના સરપંચશ્રી અરવિંદસિંહ કે. સોલંકી, હનુમાન મંદિરના ટ્રસ્ટી રાજુભાઈ ગજ્જર તથા ગામના અગ્રણી આગેવાન દિલિપભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતાં. આ કેમ્પસમાં પાંચ દિવસના કાર્યક્રમમાં મંદિર તરથી શિબિરાર્થીઓ માટે તમામ વ્યવસ્થા કરવામાં આવી છે. તેમજ શિબિર દ્વારા ગ્રામકક્ષાની રચનાત્મક પ્રવૃત્તિમાં ગ્રામ સફાઈ, વ્યસન મુકિત રેલી, સાંસ્કૃતિક કાર્યક્રમો, બાળ વિકાસમાં તંદુરસ્તી હરિફાઈ જેવી પ્રવૃત્તિઓ દ્વારા કાર્યક્રમો હાથ ધરી ૫૦થી વધુ શિબિરાર્થી તન-મનથી પ્રોત્સાહિત કાર્યક્રમો યોજવા સજ્જ બની રહ્યા છે.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## ગાંધીનગર મહાનગરપાલિકાનો ખેલમહાકુંભનો ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો

### ૧૮મી જાન્યુ.થી ૧૨મી ફેબ્રુઆરી દરમિયાન વિવિધ સ્પર્ધાઓનું આયોજન

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરના સેક્ટર-૩૦માં આવેલી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય ખાતે ગાંધીનગર મહાનગરપાલિકાનો ખેલમહાકુંભનો ઉદ્‌ઘાટન સમારોહ તાજેતરમાં યોજાયો હતો. કબડ્ડી, ખો-ખો, વોલીબોલ અને એથ્લેટિક્સ રમતોના ઉદ્‌ઘાટન સમારોહમાં પ્રાર્થના, સ્વાગત નૃત્ય અને દીપ પ્રાગટ્ય સાથે કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી.

'હમ કો મનકી શક્તિ દેના' પ્રાર્થનાથી કાર્યક્રમ શરૂ થયો હતો. ત્યારબાદ 'સત્યમ્ શિવમ્ સુન્દરમ્' સ્વાગત નૃત્યનું આયોજન કરવામાં આવ્યું હતું. દીપ પ્રાગટ્ય કાર્યક્રમના અધ્યક્ષ મેયર મહેન્દ્રસિંહ રાણા, શંભુજી ઠાકોર, ધારાસભ્ય, વિનયગીરી ગોસાઈ જિલ્લા શિક્ષણાધિકારી, બી.કે. ચાવડા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, દિનેશભાઈ પટેલ, અર્જૂનસિંહ વાઘેલા અને શોભનાબા વાઘેલાએ ખાસ ઉપસ્થિત રહી કર્યુ હતું. મહેમાનોને આ પ્રસંગે પુસ્તક અને પુષ્પગુચ્છ આપી તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર મહાનગર પાલિકાનો ખેલ મહાકુંભ ૧૮મી જાન્યુ.થી ૧૨મી ફેબ્રુઆરી સુધી ચાલશે.જેમાં ૧૬ વર્ષથી નીચેના ખેલાડીઓની ભાઈઓની ૨૯ ટીમ તથા બહેનોની ૧૩ ટીમ મળી કુલ ૩૪૮ ખેલાડી તથા ૧૬ વર્ષથી ઉપરના ખેલાડીઓની ભાઈઓની ૮ ટીમ તથા બહેનોની ૩ ટીમ મળી કુલ ૧૩૨ ખેલાડીઓએ કબડ્ડી ખેલમાં ભાગ લીધો હતો. આ ખેલ મહાકુંભ અંતર્ગત પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયનાં વ્યાયામ શિક્ષક સંજયભાઈ કનૌજીયા પ્રમુખ ગાંધીનગર પૂર્વ વિભાગ વ્યાયામ મંડળનાએ રમતવીરોને શપથવિધિ કરાવી હતી. આ પ્રસંગે ગાંધીનગર પૂર્વ વિભાગ વ્યાયામ મંડળના વિવિધ શાળાના ટ્રસ્ટી, આચાર્ય અને મોટી સંખ્યામાં વાલીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન શાળાના શિક્ષકો દ્વારા કરવામાં આવ્યું હતું. ઉદ્‌ઘોષક તરીકે શાળાના ઉપપ્રધાનાચાર્ય નરેન્દ્રસિંહ ચૌહાણે સંચાલન કર્યું હતું. ઉચ્ચત્તર માધ્યમિક વિભાગના શિક્ષક મોતીસિંહ સુરાવતે આભાર દર્શન કર્યું હતું.

## આધુનિક ભારતના શ્રેષ્ઠ ગણિતશાસ્ત્રી : રામાનુજન

**પ્રાસંગિક**
**- વી. એસ. ગઢવી**

ગયા વર્ષના છેલ્લા મહિનામાં નાતાલના પવિત્ર દિવસો શરૂ થાય તે પહેલાં શ્રી રામાનુજનનો જન્મદિવસ તા. ૨૨ ડિસેમ્બરના રોજ ગયો. આપણે ત્યાં વિધાનસભાની ચૂંટણીના પરિણામોનો માહોલ તેમજ લોકપ્રિય સંચાર માધ્મોમાં આ વિષયને લગતી ખાસ ચર્ચાઓ- હકીકતો પ્રકાશમાં લાવવાનો પ્રયાસ ન થવાના કારણે આ વિષયના તજજ્ઞો સિવાય કદાચ આ બાબત લોકોના ધ્યાન પર આવી નહિ. વર્ષ ૧૮૮૭માં જન્મેલા શ્રી રામાનુજનની ૧૨૫મી જન્મ જયંતિ ગયા વર્ષે હતી. તે ખાસ નોંધપાત્ર બાબત છે. ભારત સરકારે તેથી જ ૨૦૧૨ના વર્ષને તેમની સ્મૃતિમાં ગણિતવર્ષ તરીકે ઉજવવાનું નક્કી કરીને તેમની સ્મૃતિ સચેત કરવાનો પ્રયાસ પણ કર્યો. આપણાં આ ગૌરવશાળી ગણિતજ્ઞ પ્રથમ ભારતીય હતા કે જેમને કૅમ્બ્રિજની ટ્રિનિટી કોલેજમાં ફૅલોશીપ મળી હતી. પ્રાચીન ભારતમાં કેટલાક દિગ્ગજ ગણિતશાસ્ત્રીઓએ આ વિષયમાં તેમનું વિશિષ્ટ પ્રદાન કરેલું. જેમાં આર્ય ભટ્ટ, ભાસ્કરાચાર્ય, વરાહમિહિર ઈત્યાદિ હતા. આપણાં આજના સુવિકસિત ગણિતશાસ્ત્રના વિષયના પાયામાં આ બધા મહાનુભાવોનું અનોખું યોગદાન સર્વસ્વીકૃત છે. જો કે યુનિવર્સિટીઓની સ્થાપના થયા બાદ તેના સુનિયોજિત વિકાસના અનેક પ્રયાસો થયા તે પણ નોંધપાત્ર છે. ગુજરાતના સંદર્ભમાં આ વિષયનો વિચાર કરીએ ત્યારે ગાંધી ચીંધ્યા માર્ગે જીવન વ્યતિત કરનાર ડૉ. પી.સી. વૈદ્ય સાહેબની અચૂક સ્મૃતિ થાય.

ભારતનાં શ્રેષ્ઠ ગણિતશાસ્ત્રીઓની પંગતમાં બેસે તેવા શ્રી રામાનુજન શ્રીનિવાસનો જન્મ તામિલનાડુના કુંભકોણમમાં એક ગરીબ પરિવારમાં થયો હતો. તેમના પિતા એક કાપડના વેપારીને ત્યાં ગુમાસ્તાનું કામ કરતા હતા. પરિવારમાં વિદ્યા પ્રાપ્ત કરવાનું એક સહજ આકર્ષણ તો હતું જ અને બાળક રામાનુજને આ વૃત્તિજ વિદ્યા ઉપાસનાના ક્ષેત્રમાં આગળ લઈ ગઈ. નાનપણથી જ તેઓ ગણિતમાં ખૂબ તેજસ્વી હતા. ગણિતના વિષય તરફનું તેમનું આકર્ષણ અસામાન્ય હતું. જેમને ગણિતનું વિધિવત જ્ઞાન કે ખાસ તાલિમ મળ્યા ન હતા તથા ધૂળિયા નાના ગામના આ ગણિતશાસ્ત્રીના જન્મ દિવસે દુનિયાભરના ખ્યાતનામ ગણિતશાસ્ત્રીઓ ૨૨ ડિસેમ્બર ૧૯૧૨ના દિવસે નવી દિલ્હીમાં મળ્યાં એ પણ એક વિશિષ્ટ ઘટના કહેવાય. ઈન્ડિયન મેથેમેટીકલ સોસાયટી, ન્યૂ દિલ્હી તરફથી સ્ટેન્ડફર્ડ યુનિવર્સિટીના ઝીવે યુનને રામાનુજન એવોર્ડ તે દિવસે જ એક ભવ્ય કાર્યક્રમમાં આપવામાં આવ્યો હતો. દેશ અને વિદેશના ખ્યાતનામ ગણિતશાસ્ત્રીઓ આ સમારંભમાં હાજર હતા.

શ્રી રામાનુજનના રસના વિષયોમાં ગણિત ઉપરાંત અંગ્રેજી તથા સંસ્કૃત પણ હતા. આ બધા વિષયોમાં તેનો દેખાવ ઉત્તમ રહેતો હતો. ૧૯૦૩માં મેટ્રિકની પરિક્ષા પસાર કરનાર આ યુવાનને મળતી છાત્રવૃત્તિને કારણે અભ્યાસ આગળ ચાલી શક્યો હતો. ગણિત તરફના તેના લગાવને કારણે કોલેજમાં દાખલ થતા પહેલાં તેઓ કોલેજના અભ્યાસક્રમમાં હોય તેવા પુસ્તકો વાંચતા અને તેના ગાણિતિક કોયડા સરતા પૂર્વક ઉકેલી આપતા. કોલેજમાં દાખલ થયા પછી પણ કૅમ્બ્રિજ યુનિવર્સિટીનું એક પુસ્તક હાથમાં આવ્યું. તેમાં તેમણે જે પ્રમેયો જોયા અને તેમને રસ પડ્યો. આ પ્રમેયોમાં જેની સાબિતી ન હતી તેને સમજીને તેની સાબિતી મેળવવાની દોડ તેમણે સ્વેચ્છાએ, સ્વ પ્રેરણાથી આદરી. આ પ્રયત્નો દરમિયાન તેમને અનેક પરિણામો પણ મળવા લાગ્યા. મહાભારતકાળના એકલવ્યની નિષ્ઠાથી માત્ર અને માત્ર સ્વ-પ્રયત્નોથી આપણાં આ હિરોએ એક મોટા ગજાના સંશોધકને શોભે તેવું કાર્ય કરી બતાવ્યું. આ બધી સંશોધનની ધૂનમાં તે કોલેજની પ્રથમ વર્ષની પરીક્ષામાં જ નાપાસ થયા. એકવાર નહિ, ત્રણ વાર! સામાન્ય આર્થિક સ્થિતિવાળા માતા-પિતા માટે આ બાળક એક કોયડારૂપ બની ગયો. તેમણે છેવટે અભ્યાસ છોડી દીધો. ૧૯૦૯માં માતા-પિતાએ તેમના લગ્ન જાનકી અમ્મલ સાથે કર્યા. લગ્નબાદ કુટુંબની આર્થિક સ્થિતિને ધ્યાનમાં લઈ તેઓ કોઈક પ્રકારે આર્થિક ઉપાર્જન કરવાના હેતુથી નોકરીની સતત શોધમાં હતા. ગણિતમાં રસ લેતા કેટલાક સરકારી અધિકારીઓ તેમનામાં રહેલી શક્તિઓ જોઈને પ્રભાવિત થયા અને તેમને મદ્રાસ પોર્ટ ટ્રસ્ટમાં કારકુન તરીકે નોકરી મળી. નોકરી મળતાં અને તેમાંથી થોડી આવક શરૂ થતાં ફરી તેઓ ગણિતશાસ્ત્ર તરફ અને પોતાના સંશોધનો તરફ વિશેષ ધ્યાન આપવા લાગ્યા. તેમના કેટલાક સંશોધપત્રો પણ ગણિત અંગેના જાણીતા સામાયિકોમાં પ્રકાશિત થવા લાગ્યા. આ બધી બાબતો જેઓ રસથી જોતા હતા તેવા કેટલાક આ વિષયના તજજ્ઞોને લાગ્યું કે રામાનુજ જે કાર્ય કરી રહ્યાં છે તે આંતરરાષ્ટ્રીય કક્ષાએ મૂકવા યોગ્ય છે. હિતેચ્છુઓની સલાહથી તેમણે કૅમ્બ્રિજના ગણિતજ્ઞ જી.એમ. હાર્ડીને પોતાના સંશોધનોથી વાકેફ કર્યાં. તેમને રામાનુજમાં એક મોટી પ્રતિભાના દર્શન થયા અને તેમને ઈંગ્લેન્ડ આવવાનું નિમંત્રણ મોકલાવ્યું. વિદેશ જવા અંગેના કેટલાક સામાજિક નિયંત્રણો હોવા છતાં આખરે તેમને ઈંગ્લેન્ડ જવાનું નક્કી થયું અને ૧૯૧૪માં તેઓ ગણિતના પોતાને અતિ પ્રિય એવા વિષયમાં વિશેષ ખેડાણ કરવા ઈંગ્લેન્ડ ગયા. કૅમ્બ્રિજના પ્રા. હાર્ડીને રામાનુજનના કામમાં રસ હતો જ. તેથી તે સંપર્ક તેમને ખૂબ ઉપયોગી બન્યો. ત્યાંજ તેમણે પોતાના સંશોધનનું કામ ઝડપભેર આગળ વધાર્યું. તેમના ગણિત અંગેના જ્ઞાનથી પ્રભાવિત થઈ. ૧૯૧૮માં ઈંગ્લેન્ડની રૉયલ સોસાયટીએ તેમને ફૅલોશીપ પ્રદાન કરી. રામાનુજ આવું સન્માન મેળવનારા પ્રથમ ભારતીય વિજ્ઞાની હતા. કૅમ્બ્રિજની ટ્રિનીટી કોલેજમાં પણ તેઓ હાર્ડીની સમકક્ષ ફેલો બન્યા. રામાનુજનું સંશોધન મુખ્યત્વે સંખ્યા ગણિત, વિભાજનો, ભૌમિતિક બાબતો ઈત્યાદિને લગતું હતું. ગાણિતિક ગણતરીઓ અંગેના તેમના સૂત્રો ખૂબ કામ લાગ્યા. તેમના બધા પરિણામો તેઓ નોટમાં લખતાં. ઈંગ્લેન્ડથી તેઓ ૧૯૧૯માં ખરાબ તબિયતને કારણે ભારત પાછા આવ્યા. એક મોટા વૈજ્ઞાનિક તરીકે સ્વદેશમાં તેમનું ભવ્ય સ્વાગત થયું. મદ્રાસ યુનિવર્સિટીએ તેમને પ્રાધ્યાપકના પદ માટે પસંદ કર્યા. પરંતુ આ જગા પર કામ કરવા જેટલા શારીરિક રીતે સ્વસ્થ તેઓ કદી થયા નહી. તેમને ક્ષયરોગ હોવાનું નિદાન થયેલું. ઈંગ્લેન્ડમાં કે દેશમાં સારવારને કારણે કોઈ ખાસ સુધારો થયો નહીં. બિમારી જીવલેણ નીકળી અને દેશના એક હોનહાર વૈજ્ઞાનિકે માત્ર ત્રણ દાયકાની ટૂંકી જિંદગીમાં ગાણિતિક સંશોધનનો એક વિશાળ વારસો છોડીને ગયા. ગણિતના આ મહાન સંશોધક આખરી શ્વાસ સુધી ગણિત સંશોધનના કાર્યમાં વ્યસ્ત રહ્યાં. કોઈપણ પ્રકારની લાલસા વગર નિજાનંદ માટે ગણિતનું કાર્ય કરનાર આ મહાન ગણિતજ્ઞ આ વિષયમાં પોતાનું નામ તેમના પ્રદાનને કારણે અમર કરતા ગયા.

## આવો અંગ્રેજી શીખીએ

**- ચેતના બુચ**

મિત્રો, આપણે **Active Voice** નો અભ્યાસ કર્યા બાદ **Passive Voice** માંથી **Active Voice** બનાવવાનો પ્રયત્ન કરીએ.

● **Passive Voice to Active Voice**

- સૌ પ્રથમ કર્તાને અનુરૂપ ક્રિયાપદ મૂકાય.
- કર્મ અને કર્તાની અદલ-બદલ કરાય.
- જો કર્તા ન આપેલ હોય તો અનુરૂપ કર્તા મૂકાય.

**e.g :**

**(1) A book is read by me.**
**- I read a book.**
**(2) A Prayer was Sung by girls.**
**- Girls Sang a prayer.**
**(3) Milk had been drunk by him.**
**- He had drunk milk.**
**(4) Rucha will draw a picture.**
**- A picture will be drawn by Rucha.**
**(5) A quastion paper will have been Written by the Students.**
**- The Students will have Written a quastion paper.**

ઉપરોક્ત વાકયોમાં કર્તાને મૂળ સ્થાને લઈ યોગ્ય ક્રિ.પ. મૂકેલ છે.

મિત્રો, આવી જ રીતે પ્રશ્નાર્થ અને નકાર વાકયોનું પણ **Passive Voice** માં રૂપાંતર થાય.

● **પ્રશ્નાર્થ વાક્ય :**

- **Does, Do** ના સ્થાને **is** મૂકાય.
- **Did** ના સ્થાને **was** મૂકાય.

**e.g :**

**(1) Does Write? - Is Written?**
**(2) Did Write? - Was Written?**
**(3) What do you Speak?**
**- What is Spoken by you?**
**(4) Why did you take it?**
**Why was is taken by you?**

ઉપરોક્ત વાક્યમાં પ્રશ્નસૂચક ક્રિ.પ. કે શબ્દ **Wh-Word** કે **How** થી **Active Voice** શરૂ થાય છે તો **Passive Voice** માં પણ પ્રશ્ન સૂચક ક્રિ.પ. કે શબ્દથી જ વાક્ય શરૂ થાય. ત્યારબાદ અન્ય નિયમોમાં કોઈ ફેરફાર ન થાય.

● **નકાર વાક્ય :**

દરેક વાક્યમાં ક્રિયાપદ પછી **not** મૂકવાથી નકાર વાક્યનું **Passive** પણ અન્ય વાક્યની જેમ જ થાય.

**e.g :**

**(1) I did not Write a latter.**
**- A letter was not Written by me.**
**(2) Didn't you post the letter?**
**- Wasn't the letter posted by you?**

● **પરિચયાત્મક શબ્દો :**

મિત્રો આજે આ વિભાગમાં પક્ષી **(Bird)** ને લગતાં શબ્દોને પરિચય મેળવીએ.

**Mute** (મ્યુટ) ચરક
**Lapwing** (લેપવિંગ) ટીંટોડી
**Kite** (કાઈટ) સમડી
**Vulture** (કલ્ચર) ગીધ
**Ostrich** (ઑસ્ટ્રીચ) શાહમૃગ